બઢતીના કિસ્સામાં સમાન જગ્યા કે ઉપલી જગ્યા પર સીધી ભરતીથી બજાવેલ એડહોક સેવાના સમયગાળાના ખાનગી અહેવાલ ધ્યાનમાં લેવા અંગે,

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:એસએલટી/૧૦૨૦૧૮/૬૬૯૫૯૭/ગ-૨
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૯/૭/૨૦૧૯

**વંચાણમાં લીધા:-**

(૧) સા.વ.વિ.નો તા.૭/૨/૧૯૯૫ નો ઠરાવ ક્રમાંક: એસએલટી-૧૦૮૯-૮૯૪-ગ.૨
(૨) સા.વ.વિ.નુ તા.૨૯/૧૦/૨૦૦૫નુ જાહેરનામુ ક્રમાંક:ગસ/૨૦૦૫/૩૫/સીઆરઆર/૧૦૨૦૦૫/૧૦૦૮/ગ.૨
(૩) સા.વ.વિ.નો તા.૨૯/૧૦/૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક:એસએલટી/૧૦૨૦૦૫/૧૦૦૮/ગ.૨
(૪) સા.વ.વિ.નો તા.૨૯/૧૦/૨૦૦૫ નો પરિપત્ર ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૦૫/૧૦૦૮/ગ.૨
(૫) સા.વ.વિ.નો તા.૧૧/૧૦/૨૦૦૬ નો પરિપત્ર ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૦૫/૧૦૦૮/ગ.૨

**આમુખ:-**

સરકારના સા.વ.વિ.ના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક: (૧) થી (૫) ના જાહેરનામા/ઠરાવ/પરિપત્રોથી ખાતાકીય બઢતી સમિતિએ સંબંધિત જગ્યા પર બઢતી આપવાની જગ્યાને અનુરૂપ ખાનગી અહેવાલ ધ્યાનમાં લઇને બઢતી આપવાની વિચારણા કરવા અંગે સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની દંત/તબીબી શિક્ષકોની કેડરમાં જે જગ્યા ઉપર બઢતી આપવાની હોય તે જ જગ્યા ઉપર અથવા તેનાથી ઉપરની જગ્યા પર તેઓ એડહોક ધોરણે સીધી ભરતીથી ફરજ બજાવતા હોય છે. આમ, જે જગ્યા ઉપર બઢતી આપવાની છે તે જ જગ્યાના અથવા તેનાથી પણ ઉપરની જગ્યાના તરત પૂર્વેના ખાનગી અહેવાલ/કામગીરી મૂલ્યાંકન અહેવાલ(PAR) ઉપલબ્ધ હોય છે. ખરેખર ફીડર કેડરના ખાનગી અહેવાલ હોવા જોઇએ, પરંતુ ઉપર મુજબની સીધી ભરતીથી એડહોક સેવામાં નિમણૂકના કારણે ફીડર કેડરના તરત પૂર્વેમાં ખાનગી અહેવાલ ઉપલબ્ધ થઇ શકે નહીં. આથી, આવા કિસ્સાઓમાં બઢતીની દરખાસ્તને આયોગની સંમતિ ટેકનિકલ કારણસર મળતી નથી. આથી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના દંત/તબીબી શિક્ષકોના કિસ્સામાં ઉપર જણાવેલ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

આથી, પ્રસ્તુત બાબતે કાળજીપૂર્વકની વિચારણાના અંતે ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં સરકાર હવે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના તમામ પ્રકારના

દંત/તબીબી શિક્ષકો જેવા કે ટ્યુટર, મદદનીશ પ્રાધ્યાપક, સહ પ્રાધ્યાપક, પ્રાધ્યાપક અને ડીન વગેરેના કિસ્સામાં ખાતાકીય બઢતી સમિતિએ સંબંધિતની બઢતી આપવાના સમયે ધ્યાનમાં લેવા પાત્ર વર્ષના તરત પૂર્વના ખાનગી અહેવાલ અંગે નીચે મુજબના હુકમો કરે છે.

(૧) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામીને ફીડર કેડરમાં નિયમિત નિમણૂક મેળવ્યા બાદ તેની ઉપરની જગ્યાએ તા.૩૧/૧૨/૨૦૧૮ સુધી એડહોક નિમણૂક મેળવેલ હોય તેવા તબીબી/દંત શિક્ષકોના કિસ્સામાં ફીડર કેડરમાંથી ઉપલી કેડરમાં બઢતી મેળવવા માટે તેઓની એડહોક નિમણૂક મેળવેલ ઉપલી જગ્યાના કામગીરી મૂલ્યાંકન અહેવાલ (PAR)/ખાનગી અહેવાલ પણ ધ્યાને લઇ બઢતી માટે વિચારણા કરી શકાશે.

(૨) આ અગાઉના આવા કિસ્સામાં એક વખતની સમજૂતી (One time settlement) તરીકે આ જોગવાઇ લાગુ પાડવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જ્વલંત ત્રિવેદી )
અધિક સચિવ(ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો.
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/શાખાઓ
- પસંદગીની ફાઇલ